અસરગ્રસ્ત ગામોમાં ઘોડેશ્વાર પોલીસ પેટ્રોલીંગ ગોઠવવા બાબત...

-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-o-

ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર
પરિપત્ર નં. વસફ-૩૨૮૩-૧૫૦૩-ન,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૧૪-૬-૧૯૮૩.

પ રિ પ ત્ર :-

-o-o-o-o-o-o-o-

સીમચોરી અને ભેલાણના બનાવો સામે અસરકારક પગલાં ભરવા ઘોડેશ્વાર પોલીસ પેટ્રોલીંગ ગોઠવવા ઘણા ગામોમાંથી જિલ્લા પોલીસ અધિકારીઓ સમક્ષ રજુઆતો થતી હોય છે. આવી દરેક રજુઆતોને પહોંચી વળવા માટે મર્યાદિત નાણાંકીય સાધનોને લક્ષમાં લઈ જરૂર મુજબના ઘોડા અને ઉંટ ખરીદવા હાલના તબક્કે શક્ય નથી. આમ છતાં ભેલાણ અને સીમચોરીના બનાવો જે વિસ્તારમાં વધુ પ્રમાણમાં બનતા હોય તેવા ગામોની યાદી બનાવી દરેક જિલ્લામાં ફાળવવામાં આવેલ ઘોડા અને ઉંટોનો ઉપયોગ આવા ગામો માટે કરવો તથા જે વિસ્તારમાં આવા બનાવો બનતા અટકેલા જણાય કે તરત જ આવું પેટ્રોલીંગ પાછું ખેંચી વધુ અસરગ્રસ્ત ગામોમાં ગોઠવવા આથી દરેક જિલ્લા પોલીસ અધિકારીઓને સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એફ. જે. ભાટીયા )
સેકશન અધિકારી
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

વિશેષ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, સી.આઈ.ડી.(ક્રાઈમ અને રેલ્વે) ગુજરાત રાજ્ય, અમદાવાદ.

વિશેષ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, સી.આઈ.ડી. (ઈન્ટે) ગુજરાત રાજ્ય, અમદાવાદ.

દરેક નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ

દરેક જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ

ગૃહ વિભાગની સ, ડ, અને ઝ શાખાઓ.

સીલેકટ ફાઈલ.

એફ/૧૦૯૮૩.